# મને આવેલું ગાંધીજીનું સ્વપ્ન

Page No.
Date / /

૨ ઓક્ટોબર અંધારી રાત હતી. હું મારી અગાશીમા સૂતી હતી. તેવામાં અચાનક એક નાનું હેલિકોપ્ટર આવ્યું. તેમાંથી એક દાદા ઊતર્યા. જેમને નાની પોતડી, આંખે ચશ્મા પહેર્યા છે. તે લાકડીના ટેકે-ટેકે મારી નજીક આવી રહ્યા છે. ધીરેથી આવી મારા પલંગે બેસી ગયા. મેં ધ્યાનથી જોયું તો અરે આશ્ચર્ય! આ તો ગાંધી બાપુ છે! હું તો સફાળી પલંગમાં બેઠી થઈ ગઈ અને બોલી ઊઠી, "અરે બાપુ તમે અહીં?" ગાંધીબાપુ તરત બોલ્યા, "હા બેટા, હું આપણા દેશની સ્થિતિ જાણવા આવ્યો છું. તું મને આપણા દેશની થોડી વાતો કર."

"આપણા ભારતદેશમાં હાલ તમારા પેલા સ્વચ્છતાના મંત્ર પર જોરશોરથી કામ ચાલી રહ્યું છે. તમામ લોકો હવે ગંદકીને દૂર કરી સ્વચ્છતા તરફ વળ્યા છે. સૌને પોતાના સ્વાસ્થ્યની ચિંતા થવા માંડી છે. તમામ લોકો કચરો કચરાપેટીમાં નાખે છે. હવે તો કચરાપેટી પણ બે જાતની છે. ભીનો કચરો લીલી કચરાપેટીમાં નાખવાનો અને સૂકો કચરો વાદળી કચરા-પેટીમાં નાખવાનો. આપણા ભારતદેશના વડાપ્રધાને સ્વચ્છતા પર ખૂબ જ ભાર મૂક્યો છે. અને પોતે પણ રસ લઈ 'સ્વચ્છતા અભિયાન'નું જબરજસ્ત કામ કરી રહ્યા છે. ગામ-શહેરમાં થોડા નિયમો કડક કર્યા છે. જેનો સમગ્ર દેશને ફાયદો થયો છે. આવો છે આપણો ભારતદેશ."

ગાંધીબાપુ મારી સામે જોઈ પલંગનીચે પડેલું વેફરનું પેકેટ બતાવી કહ્યું, "અહીંયા સ્વચ્છતા લાગતી નથી! તમે ક્યાંક નાખેલું પેકેટ લઈ કચરાપેટીમાં નાખવા જતા હતા ત્યાં હું તરત ઊઠી અરેરે બાપુ તમે ક્યાં છો.. ક્યાં હું પલંગ નીચે જોઉં પડદો છું...... ગાંધી બાપુ તો હતા જ નહીં.... વેફરનું પેકેટ નીચે જ પડ્યું હતું... આ તો મારું સ્વપ્ન હતું.

Scanned by CamScanner